# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૬ • ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલયના ઉપક્રમે સ્પર્ધાત્મક પરીક્ષાર્થી માટે માર્ગદર્શન પરીસંવાદ




સામાજિક પ્રવૃત્તિ સાથે કેળવણી કાર્યમાં સક્રિય શિશુવિહાર પુસ્તકાલય તથા શિક્ષણ સંવર્ધન અભિયાન સમન્વય આયોજીત સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન કાર્યક્રમ તારીખ ૩ ડીસેમ્બરે યોજાઇ ગયો. ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ શ્રી હસમુખભાઇ પટેલની અધ્યક્ષતામાં યોજાએલ પરીસંવાદમાં ૪૫૦ થી વધુ યુવકો જોડાયા હતા. આ પ્રસંગે G.P.S.C.ના અધ્યક્ષ શ્રી એ શહેરના આશાસ્પદ યુવા ભાઇ બહેનોને જણાવ્યું કે અભ્યાસનો હેતુ માત્ર નોકરી જ નહિ, સમાજ માટે કશુંક સારું કરી બતાવવાનો રાખશો તો સફળ થશો. તેઓએ જીવનની સફળતા માટે અભ્યાસ પરીક્ષા તેમજ કારર્કિર્દી બાબતે માર્ગદર્શન આપતાં સૌને પોતાની ક્ષમતા ક્યારેય ઓછી ન આંકવા નિર્દેશ કર્યો હતો.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ




✿ પ્રકાશન સ્થળ ✿

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧



Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736


શ્રી હસમુખભાઇ પટેલે રાષ્ટ્રીય અને રાજય કક્ષાએ યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં સાથે જીવનનાં સંઘર્ષમાં પણ હકારાત્મકતા દાખવવા શીખ આપી તેઓશ્રીએ જણાવ્યું કે માત્ર પરીક્ષામાં ઉતીર્ણ થવાં કરતાં જીવનમાં પણ સફળ થવાનું જરૂરી છે. તેમણે આત્મવિશ્વાસ, અપરાધભાવ થી દુર રહેવાં ઉપરાંત સર્જનાત્મકતા, નિયમિત વાંચન, માહિતી સાથે સમજ, જોખમ ખેડવાની તૈયારી, ફરીયાદોથી દુર રહેવાં ઉપરાંત જૂથ સંપર્ક વગેરે પાસાંઓ અંગે છણાવટ કરી. વિદ્યાર્થીઓનાં પ્રશ્નોનું માર્ગદર્શન આપ્યું હતું.




કાર્યક્રમનાં પ્રારંભે શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઇ ભટ્ટે આવકાર ઉદ્‌બોધન સાથે શ્રી માનભાઇ ભટ્ટ દ્વારા શ્રી ગોખલે જ્ઞાનમંદિરની અને આ સંસ્થાની વાચન કેળવણીની ભૂમિકા રજુ કરી હતી. કાર્યક્રમનાં સંચાલક પ્રા.ડૉ. છાયાબહેન પારેખે ભાવનગરનાં પોલીસ વડા તરીકે શ્રી હસમુખભાઇ પટેલની પ્રમાણિકતા, નિષ્ઠા સાથે તેમનાં સામાજિક પ્રદાનનો ઉલ્લેખ કર્યો હતો. આભારવિધિ કરતા શ્રી પરેશભાઇ ત્રિવેદીએ શ્રી શ્રી હસમુખભાઇ પટેલને રચનાત્મક તથા સંવેદનશીલ અધિકારી રૂએ યુવકો માટે પ્રેરણાસ્ત્રોત જણાવ્યાં હતા. આ પ્રસંગે શિશુવિહાર પુસ્તકાલયનાં ઉપક્રમે બાળકોએ પુસ્તક વાંચનની પ્રસ્તુતિ રૂપે તૈયાર કરેલ વર્ષ ૨૦૨૫નું ચિત્ર કેલેન્ડરનું પણ મંચસ્થ મહાનુભાવો દ્વારા વિમોચન થયું હતું.

## શિશુવિહારના સહકારથી મહારાજા કૃષ્ણકુમાર સિંહજી નિરક્ષરતા નિવારણ તથા હુન્નર વિકાસ મંડળના ઉપક્રમે રૂા. ૩ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું.



મારી પ્રજાનું કલ્યાણ હજો એવી ઉદ્દાત ભાવનાને ચરિતાર્થ કરવા તેમજ સ્વતંત્રતા બાદ ગોહિલવાડ રાજ્યનાં યુવકોને શિક્ષણ તથા ઉદ્યોગ સાથે જોડવાં રૂા. ૬ લાખનું કાયમી ફંડ રાજ્ય સરકારને સોંપનાર મહારાજા કૃષ્ણકુમાર સિંહજીની પૂણ્ય સ્મૃતિમાં ભાવનગરના મહારાણી શ્રી સમયુક્તા કુમારી ગોહિલના વરદ હસ્તે ૨૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શૈક્ષણિક સહાય તથા ૭ શ્રમિકોને સીવણ સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાણી શ્રી સમયુક્તા દેવી ગોહિલ પરિવાર દ્વારા રૂા. ૧ લાખનું અનુદાન આપતા શિશુવિહારની સામાજિક પ્રવૃત્તિઓ માટે હર્ષ વ્યક્ત કર્યો હતો.

ભાવનગર રાજ્યનાં પ્રબુદ્ધ નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાએલ કાર્યક્રમનાં પ્રારંભે સ્વાગત કરતા શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે મહારાજા કૃષ્ણકુમાર સિંહજીની શિશુવિહાર સંસ્થા પ્રત્યેની લાગણીને યાદ કરતાં સંસ્થા દ્વારા કન્યા કેળવણી અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે થએલ કાર્યની રૂપરેખા રજુ કરી હતી. મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ફંડનાં ટ્રસ્ટી શ્રી વીરજીભાઈ જસાણી એ મહારાણી સાહેબને આવકારતા સંસ્થા પ્રવૃત્તિને ભવિષ્યમાં વધુ નાગરિકો સુધી વિસ્તારવા પ્રતિબદ્ધતા દાખવી હતી. આ પ્રસંગે શ્રી પ્રેમજીભાઈ જાસોલીયાએ રાજવી કુટુંબની દુરંદેશી માટે આભાર વ્યક્ત કર્યો હતો.



## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ



### બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર



- શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં ડીસેમ્બર માસ દરમિયાન બાળકોની સંખ્યા ૬૦ રહી હતી. માસ દરમિયાન કુલ ૪ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી બાળકોને હળવી રમતો રમાડવી, બાળવાર્તા કહેવી, રમકડાં બતાવવા જેવી પ્રવૃત્તિ આપવામાં આવેલ.
- બાળવયથી વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુથી પવનચક્કી, રેતઘડી, લોહચુંબક, ગુંજતો ભમરો પ્રકારે પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ વસ્તુની જોડીનું પ્રદર્શન ગોઠવેલ જેમાં બાળકોની સંખ્યા ૫૦ અને વાલીની સંખ્યા ૩૦ રહી હતી. તારીખ ૨૫ને બુધવારે ક્રીસમસ પર્વની ઉજવણી કરવામાં આવેલ જેમાં બાળકોની સંખ્યા ૪૫ રહી હતી. ઉપરાંત ઈન્દ્રિય શિક્ષણ અને જીવન ઉપયોગી તાલીમનું પ્રદર્શન સાથે નિર્દશન કરવામાં આવેલ. જેમાં બાળકોની સંખ્યા ૪૫ અને વાલીની સંખ્યા ૪૦ રહી હતી. શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ચાલતા ૮૧માં અનુભવ તાલીમ વર્ગમાં શિક્ષક શ્રી પ્રિતીબહેન ભટ્ટના માર્ગદર્શનમાં ત્રણ બહેનોની પરીક્ષા લેવામાં આવેલ.
- ડીસેમ્બર માસ દરમિયાન સર્વશ્રી વિભાકરભાઈ મહેતા, દીનેશભાઈ, મધુસુદનભાઈ ભટ્ટ, વિપુલભાઈ શાહ, ઈલાબહેન સોલંકી, હિનાબહેન ભટ્ટ, જયંતભાઈ ભટ્ટ, પ્રીતિબહેન ભટ્ટ, નિર્મળભાઈ વકીલ, દિવ્યરાજ, અદિતી, સહજ, પુજા, નિલિમા, નમન સંસ્થા શિહોર, યુવરાજભાઈ તરફથી બાળકોને ભોજન અને કુલ ૧૭ દાતા તરફથી બાળકોને પોષક નાસ્તો આપવામાં આવેલ.

**સંસ્થા તમામ દાતાશ્રીનો આભાર વ્યક્ત કરે છે.**

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**

## આરોગ્ય

### ૫૦૦ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ




● શિશુવિહાર સંસ્થામાં યોજાએલ નેત્રયજ્ઞ દ્વારા ૬૧ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી.સ્વ.ગુણવંતભાઈ વડોદરીયાની સ્મૃતિમાં ૫૦૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી દક્ષાબહેન વડોદરીયાની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો.તેમજ સ્વ.કરશનભાઈ મનજીભાઈ ઈટાલિયાના સ્મરણાર્થે ૫૦૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તા. ૨૭ ડીસેમ્બરના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાઈ ગયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી યોજાએલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૬૧ દર્દીઓની આંખ તપાસ ડૉ.હર્ષાબહેન તથા ડૉ.ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ જરૂરિયાતમંદ ૨૦ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ.દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૯૮ થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

### ભાલ વિસ્તારનાં ગામડાંઓમાં આરોગ્ય શિબિર

● શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લીમીટેડનાં સૌજન્યથી તા. ૧૭,૨૦ અને ૨૬ ડીસેમ્બર ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં વેળાવદર, સનેસ અને માઢીયા ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૧૦૧૨ ગ્રામજનોની આરોગ્ય તપાસ અને ચશ્મા વિતરણ કરવામાં આવેલ.

● આ પ્રસંગે શાળાના બાળકોના લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ બાળકોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાના બાળ પુસ્તકાલય માટે ૭૫-૭૫ પુસ્તકો તથા બાળ આરોગ્ય સુત્ર પુસ્તિકા ભેટ સ્વરૂપે આપવામાં આવેલ.



આ કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ.અભિલાષાબહેન સોનપાલ, ડૉ.આકાંક્ષાબહેન દેસાઈ, નિરમા લીમીટેડનાં મેડીકલ ઓફીસર, ગામનાં સરપંચ તથા આચાર્યશ્રીઓની સેવા મળેલ. કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણા તેમજ શિશુવિહાર સંસ્થાના કાર્યકરો દ્વારા થયું.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :


● ડિસેમ્બર માસમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન બેઈઝબોલ, વોલીબોલ, લંગડી પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી હતી. સાયં પ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, હર્ષનાદ કર્યા હતા. માસ દરમિયાન સ્કાઉટ તાલીમાર્થી ઉમંગ મકવાણા અને દર્શન પરમારનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો હતો.

● સંસ્થાના મંત્રીશ્રી ડૉ. નાનકભાઈ ભટ્ટનો ૭૦મો જન્મદિવસ સ્કાઉટ તાલીમાર્થી તેમજ કાર્યકરોની હાજરીમાં ઉજવાયો. સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવેએ ડૉ.શ્રી નાનકભાઈ ભટ્ટને તંદુરસ્તમય જીવન રહે તેવા આશીર્વચન પાઠવેલ. ડૉ.શ્રી નાનકભાઈના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટ તાલીમાર્થીને નાસ્તો અને ટી-શર્ટ તથા સંસ્થા કાર્યકરોને ભોજન આપવામાં આવેલ. સંસ્થાના કોર્ડીનેટર શ્રી હિનાબહેન ભટ્ટ, શ્રી ઈલાબહેન સોલંકી, તેમજ ડૉ.અભિલાષાબહેન સોનપાલના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટ તાલીમાર્થીઓને ભોજન આપવામાં આવેલ. સંસ્થાના કાર્યકર શ્રી દીપાબહેન અનિલભાઈ જોશી તરફથી માસના પ્રત્યેક સોમવારે તાલીમાર્થીને પોષક નાસ્તો આપવામાં આવેલ. ડીસેમ્બર માસમાં શ્રી સુરેશભાઈ ભટ્ટ (શિહોર) તરફથી તાલીમાર્થીઓ તથા સંસ્થાના કાર્યકરોને લંચબોક્સ તેમજ ભોજન ડીશ આપવામાં આવેલ. **સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.**

● ભાવનગર જીલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ વર્ષ ૨૦૨૪-૨૫ તરફથી લેવાયેલ રાજ્ય પુરસ્કારની પરીક્ષામાં શિશુવિહાર સ્કાઉટના ૪ તાલીમાર્થીઓએ થિયરી તેમજ પ્રેકટીકલ પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ધન્યવાદ.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**

## પૂજ્ય મોરારીબાપુની શિશુવિહારના તાલીમ કાર્યક્રમો માટે પ્રસન્નતા



**શિશુવિહારની દરેક સદ્પ્રવૃત્તિ પ્રસન્નતા આપે છે.**
**મારી શુભકામના સહ પ્રાર્થના રામ સ્મરણ સાથે.**



### : સાભાર સ્વિકાર :

- કલાસિક ટ્રેડર્સ પ્રા.લિ.(હૈદરાબાદ) તરફથી વેસ્ટ કાપડની ત્રણ ગાંસડી મળેલ છે. મહિલા સશક્તિકરણ સાથે જરૂરિયાતમંદ શ્રમિક બહેનોના રોજગાર માટે સહાય આપનાર દાતાશ્રીઓનો શિશુવિહાર સંસ્થા આભાર માને છે.



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ ડીસેમ્બર માસમાં ૫૧૬ દર્દીઓએ સારવાર લીધી હતી, તેમજ ફિટનેસ સેન્ટરમાં ૧૦ બહેનો જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૫૮ મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે ડીસેમ્બર માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૧૧૫ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૭૯ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

ડીસેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૪૧૮ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ડીસેમ્બર માસ દરમિયાન ૨૦૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ ડીસેમ્બર માસ દરમિયાન ૪૨૬ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ

## ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬થી૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ડીસેમ્બર માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૪ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

ડીસેમ્બર માસમાં ૧૩૦ વાચક સભ્યોએ ૧૫૦ પુસ્તકો વાચ્યાં હતાં. 'નવચેતન'(હેમંતશાહ-અમદાવાદ),'૨૦ પુસ્તકો જી.પી.એસ.સી.'(નિતાબહેન કમલભાઇ શાહ) 'હું માનવી થાઉં તો ઘણું'(ડૉ.નાનકભાઇ ભટ્ટ),'કચ્છ અને રામરાંધ' (રમણીકભાઇ ઝાપડીયા-સુરત) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વન:

ડીસેમ્બર માસ દરમિયાન શ્રી તદરૂપાનંદ બાલદેવનમાં તથા ઍકસેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૭૬૪ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરના ૬૫૦ બાળકો, પ.પૂ.સંતશ્રી દયારામ બાપા બાલમંદિરના ૮૦ બાળકો, જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ૩૦ બાળકો. આમ કુલ ૭૬૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં હતા. તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. ડીસેમ્બર માસ દરમિયાન ૪૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ડીસેમ્બર માસમાં ક્રમાંક ૨૨૬ થી ૨૨૭મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને ગ્રીટીંગ કાર્ડ તેમજ બિસ્કીટ કેક બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૬૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સીવણ તાલીમ:

ડીસેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૫ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને ફેબ્રીક મોજડી બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૫ ડીસેમ્બરે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ડીસેમ્બર માસ દરમિયાન ઉપલબ્ધ સાધનોનો ૫૯ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી રાજુભાઈ હવાણી તરફથી હવાનું ગાદલું નંગ ૧ તથા હીમાનીબહેન પ્રિયાંકભાઈ ખાટસુરીયા તરફથી લોખંડ કમોડ નંગ ૧ ભેટ મળેલ છે. વર્ષ ૨૦૨૪માં ૭૪૭ જરૂરીયાતમંદ નાગરીકોને માંદગી સાધનનો લાભ મળ્યો છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## સંગીત વર્ગ:

ડીસેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા ડીસેમ્બર માસમાં કાપડની ૫૯૮ થેલી તૈયાર થતાં કુલ રૂ.૨૯૯૦/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૨,૨૬૨ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે. તેમજ સંસ્થાની બહેનો દ્વારા ૮૧૦ નેકબેલ્ટ તૈયાર કરવામાં આવ્યા છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. ડીસેમ્બર માસ દરમિયાન ૫ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

## પ્રચાર-પ્રસાર



વાચકોને રૂ.૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ડીસેમ્બર માસમાં ૧૯૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૨ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ડીસેમ્બર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૫૨ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયના દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 5,00,000.00 | શ્રી મહર્ષિભાઈ પદ્‌મકાન્તભાઈ મહેતા | સ્ત્રી સશકિતકરણ, બાલકેળવણી સહાય |
| 1,00,000.00 | મહારાણીશ્રી સમયુક્તાકુમારીજી | સ્ત્રી સશકિતકરણ સહાય |
| 1,00,000.00 | શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ | કન્યા કેળવણી સહાય |
| 25,000.00 | હ્રુશેપ પ્રીસીશન કાસ્ટીંગ પ્રા.લિ. | પ્રકાશન સહાય |
| 25,000.00 | શ્રી પરિન દામાણી | પ્રકાશન સહાય |
| 25,000.00 | શ્રી દેવેનભાઈ રસીકલાલ શેઠ | પ્રકાશન સહાય |
| 25,000.00 | ઝવેરી બ્રધર્સ સિલ્વર પ્લેટર્સ પ્રા.લી. | પોષક આહાર સહાય |
| 21,000.00 | શ્રી કુલીનભાઈ ડી. ત્રિવેદી | પોષક આહાર સહાય |
| 20,000.00 | ઓમ શાંતિ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 7,000.00 | શ્રી અનિલભાઈ મોહનલાલ શાહ | પોષક આહાર સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી યોગેશભાઈ વાઘેલા | પોષક આહાર સહાય |

## બુધસભા:




● બુધસભાની ૨૩૧૬ મી બેઠક ડૉ.છાયાબહેન પારેખના સંચાલનમાં મળી. ઉપસ્થિત કવિ શ્રી વિનોદભાઈ જોશી, હિમલભાઈ પંડયા, નટુભાઈ પંડયા, ચેતનાબેન ગોહેલ, જીજ્ઞાબહેન ત્રિવેદી, પિયુષભાઈ પારાશર્ય અને જયેશભાઈ ભટ્ટે કાવ્યપઠન કર્યુ. કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત ડૉ. પથિક

પરમારે કવિશ્રી દાન વાઘેલાની કવિતા ધારોકે, ‘‘આંબાને લીંબોળી પાકે ને લીંબોળી ગહેકાવે વનને’’ નો આસ્વાદ કરાવ્યો. બેઠકના સમાપનમાં કવિશ્રી વિનોદ જોશીએ કવિતાની કલા અને વિવિધ કલાઓના આયામોની વાત અર્થસભર રીતે કરી.૨૫ થી વધુ કવિઓ, ભાવકોની ઉપસ્થિતિમાં બેઠક સંપન્ન થઈ. ‘‘અવસર અભિવ્યકિત’’ શીર્ષક તળે યોજાએલ બીજી બેઠકનું સંચાલન શ્રી પરેશભાઈ ત્રિવેદીએ કર્યુ. આ બેઠકમાં ૨૫ જેટલા કવિઓ અને ભાવકો ઉપસ્થિત રહયા. ડીસેમ્બર માસની ત્રીજી બેઠક ડૉ. માનસી ત્રિવેદીનાં સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ભાવનગરના જાણીતા ગઝલકાર, પત્રકાર, નાટય લેખક, શ્રી નાઝીરભાઈ સાવંત દ્વારા પોતાના સર્જન અને અનુભવ વિશે ઉંડાણપૂર્વક વાત કરવામાં આવી. જેમાં ૪૦ જેટલા ભાવકો અને સાહિત્ય પ્રેમીઓ હાજર રહયા હતા.

- શિશુવિહાર બુધસભાની ૨૩૧૯ મી અને વર્ષ ૨૦૨૪ની અંતિમ બેઠક કવિશ્રી વિનોદ જોશીના અધ્યક્ષ સ્થાને મળી. આ બેઠકમાં શિશુવિહાર સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે તથા મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહયા. કાવ્યપાઠનું સંચાલન શ્રી વર્ષાબહેન જાનીએ કર્યું. ત્યારબાદ ડૉ. માનસીબહેન ત્રિવેદીએ ૨૦૨૪નો પ્રવૃત્તિ અહેવાલ રજૂ કર્યા હતા. ૨૦૨૪ ના સંચાલકો સર્વ શ્રી ડૉ.છાયાબહેન પારેખ, શ્રી પરેશભાઈ ત્રિવેદી, ડૉ. માનસીબહેન ત્રિવેદી, શ્રી વર્ષાબહેન જાની અને શ્રી હિમલભાઈ પંડયાનું શિશુવિહાર બુધસભા તરફથી અભિવાદન કરવામાં આવ્યું તેમજ ૨૦૨૫ની બુધસભાના નવા સંચાલક શ્રી દીપીકાબહેન યાદવ, શ્રી ચેતનાબહેન ગોહેલ તથા શ્રી જયેશભાઈ ભટ્ટનું સ્વાગત કરવામાં આવ્યું. બુધસભાની સમાપન બેઠકમાં ૩૦ તેમ ડીસેમ્બર દરમિયાનની ચારે બેઠકોમાં ૧૪૫ ભાવકોની ઉપસ્થિતિ ઉત્સાહ વર્ધક રહી હતી.

## બુધસભાઃ વર્ષ ૨૦૨૪ પ્રવૃત્તિ અહેવાલ

૧૯૮૦ થી અવિરત ચાલતી બુધસભામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન બુધસભાની પ્રથમ બેઠકના સંચાલક તરીકે ડૉ.છાયાબહેન પારેખ, બીજા બુધવારના સંચાલક તરીકે શ્રી પરેશભાઈ ત્રિવેદી, ત્રીજા બુધવારના સંચાલક તરીકે ડૉ.માનસીબહેન ત્રિવેદી, ચોથા બુધવારના સંચાલક તરીકે શ્રી વર્ષાબહેન જાની અને પાંચમાં બુધવારના સંચાલક તરીકે શ્રી હિમલભાઈ પંડયા એ સચાલક શ્રી તરીકે જવાબદારી સંભાળી હતી. સમગ્ર વર્ષ દરમિયાન કાવ્ય આસ્વાદના બાર ઉપક્રમ યોજાયા જેમાં વર્ષ દરમિયાન કુલ ૪૧૫ ભાવકો ઉપસ્થિત રહયા. વર્ષ દરમિયાન અવસર અભિવ્યકિતના ૧૨ ઉપક્રમ યોજાયા. ૪૧૭ કવિ-કવયિત્રી હાજર રહયા. માસના પ્રત્યેક ત્રીજા બુધવારે યોજાએલ સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદનું સંકલન ડૉ.માનસીબહેન



ત્રિવેદીએ કર્યું હતું. ૧૨ ઉપક્રમમાં ૪૬૨ ભાવકો ઉપસ્થિત રહયા. જયારે ચોથા બુધવારમાં કવિ વિશેષ ઉપક્રમ અંતર્ગત ૧૨ ઉપક્રમ યોજાયા. શ્રી વર્ષાબહેન જાનીનાં સંકલનથી યોજાએલ બુધસભામાં ૩૮૭ ભાવકો ઉપસ્થિત રહયા. વર્ષ ૨૦૨૪ના પ્રત્યેક પાંચમાં બુધવારે કવિ મુશાયરો યોજાયો. જેમાં પ્રા.શ્રી હિમલભાઈ પંડયાના સંકલનમાં યોજાએલ ૪ મુશાયરામાં ૧૭૮ ભાવકો ઉપસ્થિત રહયા. આ ઉપરાંત વર્ષ દરમિયાન અમરેલી, મહુવા અને રાજકોટ સાહિત્ય સભાનો પ્રવાસ, સન્માન તેમજ તાલીમ શિબિર જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પણ ૭૨૦ જેટલા ભાવકો ઉપસ્થિત રહયા.

વર્ષ ૨૦૨૪ દરમિયાન બેઠક ક્રમાંક ૨૨૬૪ થી ૨૩૧૯ નાં બુધસભાના વિવિધ ઉપક્રમોમાં સર્જકો તરીકે અને વિશેષત: માર્ગદર્શક તરીકે ડૉ. વિનોદભાઈ જોશી, ડૉ.મહેન્દ્રસિંહ પરમાર, ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા, શ્રી સુભાષભાઈ ભટ્ટ, શ્રી દાન વાઘેલા, ડૉ. ફિરદોસ દેખૈયા, પિયુષભાઈ પારાશર્ય, પ્રણવભાઈ પંડયા, લત્તાબહેન હિરાણી, રાજેશભાઈ ધામેલીયા, ડૉ. કિશોર વાઘેલા, ડૉ.પરેશ સોલંકી, નીલીમાબહેન વ્યાસ, ડૉ.મહેશભાઈ દાફડા, ડૉ.નલીન પંડિત વગેરે અનેક સાહિત્ય કર્મીઓએ શિશુવિહાર બુધસભાની મુલાકાત લઈ સર્જક, પરામર્શક, ભાવક તેમજ સાહિત્યકાર વિવિધ ભૂમિકાઓ ભજવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન બુધસભામાં કુલ ૨૫૭૯ ભાવકો અને સાહિત્યકારો જોડાયા હતા જે નોંધનીય બને છે.

### શિશુવિહાર બુધસભાના નિયમિત ઉપરાંતના અન્ય ઉપક્રમો:

- ૨૩૦૦ મી બેઠક નિમિત્તે ઓગસ્ટ માસમાં સ્વરચિત કાવ્યપાઠ સ્પર્ધા જેમાં શાળા, કોલેજ અને કવિઓ માટે સ્પર્ધાનું આયોજન થયું. ૭૪ વ્યકિતઆએ ભાગ લીધો.
- સપ્ટેમ્બર માસમાં જાહ્નવી સ્મૃતિ પુરસ્કાર લત્તાબહેન હિરાણીને, માતૃભાષા સંવર્ધન એવોર્ડ રાજેશભાઈ ધામેલીયાને અને કિસ્મત કુરેશી એવોર્ડ પ્રણવભાઈ પંડયાને આપવામાં આવ્યો.
- મે માસમાં બુધસભાના ઉપક્રમે ‘‘ભાષામાં વ્યાકરણ શિસ્ત’’ વિષયે તાલીમ યોજાય. જેમાં ડૉ.રક્ષાબહેન દવે, ઉમાકાન્તભાઈ રાજયગુરુ અને જિતુભાઈ ત્રિવેદીએ ૫૫ જેટલાં સાહિત્યકારો અને કવિઓને માર્ગદર્શિત કર્યા હતા.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે ગઝલ શિબિરનું આયોજન મે માસમાં યોજવામાં આવ્યું. જેમાં ૬૦

જેટલાં કવિઓએ ભાગ લીધો હતો.

- અમરેલી સર્વોદય સાહિત્ય સંકુલ બાબાપુર અને શિશુવિહાર બુધસભાના ઉપક્રમે એક કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૮ જેટલાં કવિ કવયિત્રીઓએ ભાગ લીધો.
- રાજકોટ સાહિત્ય સેતુ અને ભાવનગર શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે કવિ સંમેલન આયોજન થયું જેમાં ૨૮ જેટલાં કવિ કવયિત્રીઓએ ભાગ લીધો.
- ઈતની સી બાત શીર્ષક અંતર્ગત ''સુરમયી વાણીની સાંજ'' બુધસભા અંતર્ગત કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૫૦થી વધુ સંખ્યામાં ભાવકો, કવિઓ અને સાહિત્યકાર હાજર રહયા હતા.

શિશુવિહાર બુધસભાનું ૨૦૨૪ નું સમગ્ર વર્ષ નાવિન્યસભર અને વૈવિધ્યસભર સાહિત્યપ્રવૃત્તિઓથી જીવંત રહયું હતુ.

**અહેવાલઃ ડૉ. માનસીબહેન ત્રિવેદી**

## સદ્વિચારને આચરણમાં મુકતી શિશુવિહાર સામયિકની વિચારયાત્રા વર્ષ ૨૦૨૪: અંક ક્રમાંક ૯૪૪ થી ૯૫૫ - અહેવાલ

વર્ષ ૧૯૪૪ થી સાતત્ય રીતે પ્રકાશિત શિશુવિહાર સામયિકની પ્રકાશન યાત્રા વર્ષ ૨૦૨૪માં ૫૪૦૦૦ અંકોમાં દેશનાં ૧૨ રાજ્યોમાં પહોંચી હતી. શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિઓ ૩૧૫ તસ્વીરો સાથે ૩૨૦ પેઈજમાં પ્રકાશિત થતા વર્ષ દરમિયાન થએલ ૧૧૦ વિશિષ્ટ પ્રવૃત્તિઓનાં આયોજકોની વાત સાથે ૧૪૫ સંસ્થાગત કાર્યક્રમોના સમાચાર વાચકો પાસે મુકી શકયા છીએ.

શિશુવિહાર સામયિકનાં સંપાદકો સર્વશ્રી હિનાબહેન અને અનિલભાઈએ સમાચાર સંકલન કર્યું. રાજુભાઈએ તસ્વીરો અને સૃષ્ટિબહેનએ ટાઈપીંગ-પેઈજીંગની કાળજી લીધી છે. ભાષાકીય રીતે શ્રી ભાવનાબહેન પંડયા અને ઈન્દાબહેને કાળજી લીધી છે. જ્યારે સંસ્થા સામયિકનાં તંત્રી તરીકે ડૉ.નાનકભાઈ ભટ્ટનું માર્ગદર્શન મળતા સુમિત પ્રિન્ટરીમાંથી મળતું સાહિત્ય નિયમાનુસાર માસની ૧૭ તારીખે પોસ્ટ કરી શક્યા છીએ. જે કાર્યમાં સંસ્થાના તમામ કાર્યકરોનો સહકાર સરાહનીય રહયો છે.

શિશુવિહારનાં પ્રકાશન વિભાગનાં ઉપક્રમે ૫૦૦૦ થી વધુ ફેઈસબુક અને ૬૫૦ થી વધુ ઈન્સ્ટાગ્રામ નોંધ સાથે રાજ્યભરનાં ૨૬ ગુજરાતી હિંદી અખબારોમાં પ્રકાશિત ૧૯૨૫ પ્રેસનોટ નોંધનીય બને છે.
સ્વૈચ્છિક સંસ્થાઓની સેવા વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે સાથે સંસ્થાનો પ્રજાભીમુખ વહીવટ પણ પારદર્શક રહે તે હેતુને સાર્થક કરતા રહેવા છેલ્લા ૮૦ વર્ષથી સાતત્ય પૂર્ણ રીતે પ્રકાશિત થતુ સંસ્થા સામયિક ડિજીટલ ફોર્મમાં પણ હજારો વાચકો સુધી પહોંચે છે અને આથી જ શિશુવિહારની નિષ્કામ સેવાને દાતાશ્રીઓ તરફથી પણ અનુકુળ પ્રતિસાદ મળતો રહયો છે જે સંસ્થા સામયિકની વિશેષ ઉપલબ્ધી બને છે.

ભાવનગરથી શિશુવિહારનાં સેવા કાર્યોને ઉજાગર કરનાર શિશુવિહાર ટીમનાં ૨૦ કાર્યકરોના સહયોગ માટે આભાર.

**સંયોજકઃ શ્રી અનિલભાઈ બોરીચા**

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

- શિશુવિહાર બાલમંદિરથી પ્રારંભાએલ તાલીમનાં વિદ્યાર્થી અભિલાષ અને અભિષેક શાહ દ્વારા પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાનનાં ગુરુજનોનું અભિવાદન કરવાનો કાર્યક્રમ ૧ ડીસેમ્બરે યોજાઈ ગયો. ૮૦ થી વધુ ગુરુજનોની વંદનાનું પ્રેરણા સ્ત્રોત ભાવનગરનાં કર્મષ્ઠ લોકસેવક શ્રી બિપિનભાઈ શાહ રહયાં હતા.
- સુમિટોમો કેમીકલ ઈન્ડિયાના સૌજન્યથી ૨૬ મો એકસેલ એકસપ્રેશન ૭-૮ ડીસેમ્બરે સંસ્થા પ્રાંગણમાં યોજાયો. કોલેજ વિભાગ માટેની વિવિધ ૧૦ ઈવેન્ટમાં ૫૦૦ થી વધુ યુવાનો જોડાયાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી નરેશભાઈ ભટ્ટ તથા વનરાજસિંહ ચાવડાએ કર્યુ હતું.
- શ્રી કિર્તીભાઈ સોલંકીના સંકલનતળે વાસુકી કરાઓકે કલબનો જુના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૮ ડીસેમ્બરે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. ૨૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.
- રોટરી રાઉન્ડ ટાઉન ભાવનગરના ઉપક્રમે લગ્ન ગીતો ગાવાની સ્પર્ધા યોજાઈ હતી. ૧૫ ડીસેમ્બરે સંસ્થા રંગમંચથી પ્રસ્તુત થએલ કાર્યક્રમમાં વિવિધ ૧૧ જુથનાં ૮૮ બહેનો જોડાયા હતા.
- સુર સંગમ દ્વારા ૧૫ ડીસેમ્બરે જુની ફીલ્મોના ગીતોનો લાઈવ ઓરકેસ્ટ્રા સાથેનો કાર્યક્રમ સપ્તસુરી સંધ્યા યોજાયો. શો મેન રાજકપુરની ૧૦૦ મી જન્મજયંતી સ્મૃતિમાં ગાયકો દ્વારા તેમની ફીલ્મોના ગીતોની પ્રસ્તુતી કરવામાં આવેલ. જેને મ્હાણવા માટે ૨૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.
- નવગામ ભાવસાર જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો શૈક્ષણિક

કાર્યક્રમ ૨૨ ડીસેમ્બરે યોજાઇ ગયો. ભોજન સાથે સંપન્ન થએલ સમારોહમાં ૩૦૦ વિદ્યાર્થીઓને ઇનામો અપાયા હતા.

- નટરાજ કલા સંસ્થાના ઉપક્રમે ૧૬૫ મો સંગીત કાર્યક્રમ એક સાંજ આપની સાથે અંતર્ગત રાજેશ ખન્ના ની સ્મૃતિમાં યોજાઇ ગયો. જુના હિન્દી ફીલ્મીગીતોના કાર્યક્રમનું શ્રી કેતનભાઇ આવસત્થી એ સંકલન કર્યુ હતું. જેમાં ૪૦૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.
- કીડસ વર્ડ પ્લે હાઉસનાં બાળકોનો ફેન્સીડ્રેસ પ્રોગ્રામ ૨૪ ડીસેમ્બરે રંગમંચ પ્રસ્તુતી પામ્યો. જેમાં ૧૦૦ બાળકો વાલીઓ સાથે જોડાયા હતા.
- કલ્પવૃક્ષ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ૨૫ ડીસેમ્બરે લોકસંગીત સ્પર્ધાનું આયોજન થયું જેમાં લો ફેકલ્ટીના ૫૫ યુવકોએ રંગમંચ પ્રસ્તુતી કરી હતી.
- પેરેન્ટીંગ ફોર પીસના ઉપક્રમે શિક્ષકો માટે રૂપાંતર તાલીમ યોજવામાં આવી. ૨૫ ડીસેમ્બરે જી.પી.એસ.સી.નાં અધ્યક્ષ શ્રી હસમુખભાઇ પટેલની અધ્યક્ષતામાં યોજાએલ એક દિવસીય શિબિરમાં ૪૦ શિક્ષકો જોડાયાં હતાં.
- પાર્શ્વગાયક મહમદ રફીની જન્મ જયંતી વર્ષ પ્રસંગે ૨૯ ડીસેમ્બરે શ્રી કાદરભાઇ શેખ દ્વારા સંગીત પ્રસ્તુતી યોજાઇ હતી. જેને મ્હાણવા ૪૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.
- શ્રી પ્રમોદભાઇ વોરાનાં સંકલનમાં છેલ્લાં ૩૦ વર્ષથી ચાલતી સાઇકલ ભેટ યોજનાનો ૧૦૯મો સાઇકલ વિતરણ કાર્યક્રમ તા. ૩૦ ડીસેમ્બરે સંસ્થા પ્રાંગણમાં યોજાઇ ગયો. આ પ્રસંગે જય જલારામ ગ્રુપ તરફથી ૩૦ જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સાઇકલ તેમજ સ્કુલબેગ આપવામાં આવી હતી.

## શુભેચ્છકો લખે છે

### • ડૉ.સરયુબહેન પરીખ (અમેરિકા)

શિશુવિહાર સંસ્થા દ્વારા વૃદ્ધ સન્માન સમારોહ વડીલો અને યુવાનો માટે પણ પ્રેરણાદાઇ રહયો. નાનકભાઇ, શિશુવિહારના સંચાલક તરીકે તમારા કાર્યોને માટે અમે ગૌરવ લઇએ છીએ. પુજય માનભાઇનાં વિચારોને આગળ લઇ જનાર તમે છો. સહુ કાર્યકરોને સાથમાં લઇ પ્રગતિ કરો છો. ધન્યવાદ.

### • શ્રી દીપકભાઇ ભટ્ટ (ઓસ્ટ્રેલિયા)

સરસ અને સ્તુત્ય કાર્ય કરવા માટે સંસ્થા તથા તમામ કાર્યકરો દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો સરાહનીય છે. હાલના સમયમાં વૃદ્ધાવસ્થા ઘણાં



લોકોને આકરી થઇ પડે છે. તંદુરસ્ત વૃદ્ધો માટે સહાયરૂપ બને તેવી ઓલ્ડ એજ કલબ જયાં તેઓ આવી થોડા સમય આનંદ માણી શકે અને જે લોકો બિમાર હોય તેમના મિત્ર બની તેમની સાથે તેમના ઘરે જઇ સમય વીતાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવા નમ્ર સુચન છે.

### • શ્રી જયોતિભાઇ ત્રિવેદી (પુના)

વડીલ વંદના કાર્યક્રમ સમયે અધ્યક્ષ સ્થાનેથી મને પ્રા.અરૂણભાઇ દવેના આ શબ્દો ખૂબ ગમ્યા. શિશુવિહારની પ્રવૃત્તિઓ સાચે જ મનુષ્યત્વ નહીં પણ મનુષ્યો માટે પણ ભજન છે.

### • પ્રા.ડૉ.સંજયભાઇ તલસાણીયા (એન.એસ.એસ.કોર્ડીનેટર- ભાવનગર યુનિવર્સીટી)

શિશુવિહારના અંકો નિયમિત મળતા રહે છે એ માટે હું આપનો અંત:કરણ પૂર્વક આભાર માનું છું. પ્રત્યેક અંક નવી ઉર્જા અને રચનાત્મક વિચારો આપે છે એ પૈકીના ઘણાં વિચારોને અમલમાં મૂકી રહયો છું જેનો વિશેષ આનંદ છે. આપની સંસ્થા દ્વારા વરિષ્ઠ નાગરિકો કે જેઓએ જીવન પર્યંત નવી પેઢીમાં સામાજિક ચેતનાને જગાડવા માટે પ્રયત્નો કર્યા હતા એ તમામ વરિષ્ઠ નાગરિકોને બિરદાવવા બદલ ખરેખર આનંદની લાગણી અનુભવું છું.

### • શ્રી ભાસ્કરભાઇ ભટ્ટ (ભાવનગર)

અમે આજે મારા સાસુજીનું આયુષ્યમાન કાર્ડ કઢાવવા શિશુવિહાર ગયા હતા. જયાં ત્રણસો જેટલી ખુરશીની વ્યવસ્થા હતી. સીતેર વર્ષ ઉપરના વડીલોને લાઇનમાં ઉભા રહેવું ન પડે, તે માટે વ્યવસ્થા હતી. વડીલો માટે ચા-પાણી સમયાંતરે આપવામાં આવતા હતા. આરોગ્ય વિભાગમાંથી આવેલા કર્મચારીઓ પણ સેવા કરવામાં સરાહનીય તત્પરતા દર્શાવતા હતા અને કોમ્પ્યુટરની ઝડપી સેવા આપી રહયાં હતા. શિશુવિહાર સંસ્થામાં વડીલોને ઝેરોક્ષ કોપી કરાવવાની પણ સગવડ કરી આપી હતી. કોઇને તકલીફ ન પડે તેની તકેદારી રાખવા ઉપરાંત તે અંગેની સૌને વ્યકિતગત પુછપરછ સંસ્થાના કાર્યકરો કરતા હતા. આવેલા સૌની વયવંદના આયુષ્યમાન કાર્ડની એન્ટ્રી તદ્દન ઓછા સમયમાં થઇ ગઇ. ભાવનગરમાં શિશુવિહાર જેવી સેવા સંસ્થા છે તે સ્વયં આશીર્વાદરૂપ છે.

### • શ્રી નટવરભાઇ આહલપરા (રાજકોટ)

શિશુવિહાર સંસ્થાનું ૮૫ માં વર્ષમાં પદાર્પણ થશે અને સાથે વર્ષ ૨૦૨૫નું આયોજન ઉપરાંત સંસ્થાના ૧૦૦માં વર્ષના વિઝન તરફ વધુ

અસરકારી કાર્ય થશે જ ત્યારે અગોતરી શુભેચ્છા પાઠવીને અત્યંત ગૌરવની પ્રતીતી કરી રહયો છું. વર્ષ ૧૯૮૦ થી આજ પર્યંત શિશુવિહાર સાથે અંતરંગ અને સહ હૃદયતાથી જોડાઇ રહેવાની ધન્યક્ષણોને હું મારા જીવનનો ઉત્તમ સમય ગણું છું. ૮૫માં વર્ષની ગૌરવપૂર્ણ ક્ષણે ભવિષ્યમાં શિશુવિહાર સાથેની મારી મધુર સ્મૃતિનું પુસ્તક કરીશ.

**• શ્રી યોગેશભાઇ વેદાણી (મુંબઇ)**

શિશુવિહાર બાળ પુસ્તકાલય દ્વારા તૈયાર કરવામાં આવેલા ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ સાથેનું લોકજીવન પર આધારિત વર્ષ ૨૦૨૫નું કેલેન્ડર સરાહનીય છે. બાળ કલાકારોની કલાને વિશિષ્ઠ સ્થાન મળે તે હેતુથી અને કલાના વિદ્યાર્થીને પ્રોત્સાહન મળે તે હેતુ સભર આ વિચાર ખરેખર પ્રેરણાદાઇ છે. શિશુવિહાર મેનેજમેન્ટ અને પૂરી સહાયક ટીમ ખરેખર અભિનંદનને પાત્ર છે. સાથોસાથ દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ અભિનંદન. બાળકોની કલાકૃતિને કેલેન્ડરમાં સ્થાન મળ્યું. વાલી ગણે પણ પોતાના બાળકોને પ્રોત્સાહન આપી અહીં સુધી લઇ આવ્યા તેમ શિક્ષકગણે બાળકોને માર્ગદર્શન પુરું પાડ્યું તે ગુરુજનને પણ અભિનંદન.

**• ડૉ. સજ્જાદ લાખાણી (ભાવનગર)**

શ્રી નટરાજ કલા સંસ્થાના સંગીત કાર્યક્રમ સમયે શિશુવિહાર તરફથી અમારું સન્માન કરવા બદલ અમો શિશુવિહાર પરિવારનાં ઋણી રહીશું. શિશુવિહારના લોકોપયોગી કાર્ય માટે અમો હંમેશા ઉપલબ્ધ રહીશું, અને એ અમારું સૌભાગ્ય હશે..

**• શ્રી કવિતાબહેન સોલંકી (તાલીમાર્થી ફીટનેસ સેન્ટર-શિશુવિહાર)**

હું છેલ્લા ચાર મહીનાથી શિશુવિહાર ફીટનેસ સેન્ટરમાં આવુ છું. આ જીમ બધા જ સાધનોથી સજ્જ છે. અને રમણીય વાતાવરણમાં આવેલું છે. આજુ બાજુ લીમડાં સાથે શુદ્ધ હવાની વચ્ચે આવેલું છે. સાથે યોગા સેન્ટર પણ છે. ભાવનાબેન ઓઝા ત્યાંના ટ્રેનર છે. તેઓ મિલનસાર સ્વભાવના છે. આત્મીયતાથી બધી બહેનોને આવકારતા હોય છે. તેઓ બધાની ઉપર પર્સનલી ધ્યાન પણ આપે છે. તેઓ હંમેશા કંઇક નવું શીખવવા માટે તત્પર રહે છે. જરૂરિયાત મુજબ આસનો, પ્રાણાયમ અને ઝુંબા પણ કરાવતા હોય છે. જે આપણા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. હું એક કલાક વર્ક આઉટ અને આસનો કરી આખો દિવસ સ્ફૂર્તિ અને આનંદમાં રહું છું. અને હા અહીંની ફી પણ ખૂબ નોમીનલ છે.

**• શ્રી સાફીયાબેન હાલારી (દરદી - હોમિયોપેથી સેન્ટર શિશુવિહાર)**

હું છેલ્લા ચાર વર્ષથી માનસિક તનાવ ડર તથા શરીરમાં ઉદભવતી કેટલીક શારિરક તથા માનસિક બિમારીની દર્દી હતી. તે પછી ડૉ.અભિલાષાબહેનની હોમિયોપથીની રેગ્યુલર દવાથી મારા જીવનમાં ઘણાં ફેરફારો આવેલ છે. માનસિક તનાવ જતો રહયો છે. શરીરના દુ:ખાવા તથા ડર અને સંકોચ જતો રહયો છે. તેમજ તંદુરસ્ત તથા ડર વિના જીવન જીવવાનો અનુભવ થયો છે. હું અત્યારે ઘણાં લોકોને આ દવા શરૂ કરવા માટે પ્રેરીત કરું છું. ડૉ.અભિલાષા મેમની હું અહેસાનમંદ છું. આ બધા ફેરફારો મારી લાઇફમાં લાવવા બદલ ખુબ જ આભારી છું.

**• શ્રી ઉર્મિબેન વાળા (તાલીમાર્થી- અનુભવવર્ગ શિશુવિહાર બાલમંદિર)**

મહેનતના મકાનમાં વાસ કરે, સપનાને સાકાર બનાવે જે, હિંમતથી જીવન જીવવાનું શીખવે, એ છે પ્રેરણાદાઇ વ્યક્તિ નાનકભાઇ. તોફાનોનો સામનો નિર્ભયતાથી કરે, સફળતાની ચાવીને આકાર આપે, વિફળતામાં પણ આશા જગાવે, એ પ્રેરણાનું બીજ વાવે છે. માણસાઇના માર્ગે ચાલતા સત્ય અને નૈતિકતાનો જે છે દૂત, અન્યને માટે જીવવાની પ્રેરણા આપે, એ વ્યક્તિ જીવનને અજવાળે. આવી વ્યક્તિને નમન કરું, જે જીવનમાં પ્રકાશ લાવે, આદર અને પ્રેમથી હરહંમેશ, એ જીવનમાં પથદર્શન આપે.

**• શ્રી પ્રવિણભાઇ પંચાલ (પૂર્વ વિદ્યાર્થી- શિશુવિહાર)**

વર્ષમાં ૬૧૧ થી વધુ પ્રવૃત્તિઓ થાય. વર્ષમાં પાંચ લાખથી વધુ લોકો આવે. અકલ્પનીય સહુ કોઇ માટે સર્વાંગીણ વિકાસનું ધામ. લોખંડી પુરુષ માનભાઇની ભુમિ. ૫૬ ની છાંતિના ધારક. તો પણ મૃદુ. ૯૨ વર્ષે પણ સાઇકલ ચલાવતા હરપળે સજાગ સ્કાઉટ ગાઇડ તરફ પણ વિશેષ ભાવ. પ્રેમશંકરકાકા એક નિરાળું વ્યકિતત્વ. હરેશભાઇ ૭૮ વર્ષે સાઇકલ ચલાવે. સ્કાઉટ ગાઇડને જીવંત રાખનાર. માનનીય ઇન્દાબેન સ્વામીની સ્વરૂપ સદાય હસતા સદાય સેવામાં મગ્ન. નાનકભાઇ હાલનાં શિશુવિહારનો પ્રાણ. દિવસના ૧૮ કલાક કાર્યરત દીર્ઘદ્રષ્ટા માનવી. પ્રમુખ મહોદય પણ ન્યારા. હિન્દુ મુસ્લિમ એકતાનું પ્રતિક. ગઇ કાલે જયાં માનભાઇને અગ્નિદાહ અપાયો ત્યાં મૌન ધારણ કરી કંઇક પામવાનો અવસર મળ્યો. ત્યારે માથે ચાંદ અને એક તારો જગમગતાં હતા. શત શત વંદન.

**• ડૉ.માનસીબેન ત્રિવેદી (સંચાલક બુધસભા-શિશુવિહાર)**

શિશુવિહાર દ્વારા તેના કાર્યકરોની ઓળખ આપવામાં આવે છે ત્યારે જાહેર કાર્યક્રમમાં પણ પ્રવૃત્તિનાં સંચાલક તરીકે કાર્યકરોની પ્રશંસા થાય છે. શિશુવિહારનાં સ્નેહમિલનમાં સફાઇ કાર્યકરોને પણ ભોજન સમયે આગ્રહ કરી જમાડવામાં આવે છે. આથી સંસ્થા પરિવારનાં તમામ કાર્યકરોને

ઉત્સાહ રહે છે અને અમે આ તપોભૂમિને વર્ષોથી ઓળખતા હોઈએ એવો અનુભવ થાય છે તમે હંમેશા અમને ઘરના સભ્યોની જેમ જ સાચવ્યા છે. સંસ્થા પરિવારનાં વડીલોનો ચહેરો એક ઉર્જા આપે છે. ખુબ ખુબ આભાર.


**• શ્રી મહારાણી સમયુક્તા કુમારી (નિલમબાગ પેલેસ- ભાવનગર)**

સુંદર કાર્યક્રમ માટે નાનકભાઈને અભિનંદન. આપની સંસ્થા ઉત્તમ કાર્ય કરે છે. આવનારા કાર્યો માટે મારી શુભેચ્છાઓ. જો અમે કોઈ રીતે મદદરૂપ થઈ શકીએ તેમ હોય તો જરૂર જણાવશો.

**• ડૉ.ભરતભાઈ ગરીવાલા (અમદાવાદ)**

બાળકોએ બનાવેલ ચિત્રોનું સુંદર કેલેન્ડર તથા શિશુવિહારની બીજી પ્રવૃત્તિઓ ઉપરનું સાહિત્ય મોકલવા બદલ આભાર. પૂજ્ય માનભાઈએ રોપેલ વૃક્ષ આજે વટવૃક્ષ બની સમાજને શીતળ છાય આપે છે. મને એ વાતે ગૌરવ છે કે હું પણ શિશુવિહારના સેવાયજ્ઞમાં ભાગીદાર બની શક્યો છું.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી મૂળરાજસિંહ રાણા :**
ભાવનગર જીલ્લાના અંતરિયાળ ગામડાંઓમાં આંખની સાર સંભાળ માટે સ્વ.શ્રી સૂર્યબાળાબેન રાણા નામે નેત્રયજ્ઞ યોજવા સાથે શ્રમિક બહેનોને નેત્રયજ્ઞની સારવાર પહોંચાડવા ગામડે-ગામડે ફરનાર પૂજ્ય રાણા સાહેબ શિશુવિહાર સંસ્થાનાં દીર્ઘકાલીન ટ્રસ્ટી રહયા અને સંસ્થાગત સેવા પ્રવૃત્તિનાં ઘડતરમાં અનન્ય યોગદાન આપતાં રહયાં. ગુજરાત રાજ્યનાં ઉચ્ચ સરકારી અધિકારી રૂએ અને ત્યારબાદ જીવન પર્યંત સેવાર્થિ શ્રી મૂળરાજસિંહ રાણાનાં સ્વર્ગવાસથી સંસ્થા પરિવાર શોકની લાગણી અનુભવે છે તથા સ્વર્ગસ્થના આત્માની ચિર શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે.



### વર્ષ ૨૦૨૪માં શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિઓ દ્વારા લાભાન્વિત નાગરિકોની સંખ્યા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૨૪માં પ્રવૃત્તિ માસ | લાભાન્વિત નાગરિકો |
|---|---|---|---|
| A | **બાલકેળવણી** | | |
| 1 | ક્રીડાંગણ, બાલદેવવન | 12 | 51,208 |
| 2 | બાલમંદિર | 10 | 684 |
| 3 | શાળાઓ સંસ્થાઓ માટે બાળ પુસ્તકાલય | 08 | 6075 |
| 4 | શિક્ષકોનું સામાજિક ઉત્તરદાયિત્વ | 01 | 800 |
| 5 | આંગણવાડી સાધનસહાય અને શિક્ષક પ્રશિક્ષણ | 04 | 13,264 |
| 6 | અનુભવ તાલીમવર્ગ | 07 | 03 |
| 7 | જાગૃતવાલી તાલીમ | 10 | 451 |
| B | **જીવનશિક્ષણ (કૌશલ્ય તાલીમ)** | | |
| 8 | ૧. સ્કાઉટ ક્રીડાંગણ-ડીઝાસ્ટર તાલીમ | 12 | 13,795 |
| 9 | ૨. હસ્ત કૌશલ્ય તાલીમ | 12 | 1300 |
| 10 | ૩. વાચન-ગણન (પુસ્તકાલય)તાલીમ | 12 | 455 |
| 11 | સંસ્થા કાર્યકર તાલીમ | 12 | 205 |
| C | **આરોગ્ય** | | |
| 12 | જરૂરિયાતમંદ પરિવારોને સાધનસહાય | 02 | 13 |
| 13 | પ્રભુકૃપા નેત્રયજ્ઞ | 12 | 854 |
| 14 | સ્વાસ્થ્યવર્ધક ઉકાળા વિતરણ | 12 | 12,580 |
| 15 | વયસ્કો માટે દ્રષ્ટિ ચકાસણી તથા ચશ્મા વિતરણ | 12 | 1380 |
| 16 | માંદગી સાધન સહાય | 12 | 743 |
| 17 | ગ્રામ આરોગ્ય શિબિરની સંખ્યા | 08 | 3003 |
| 18 | આરોગ્ય કેન્દ્રની સંખ્યા | 12 | 4138 |
| 19 | ફીઝિયોથેરાપી-ફીટનેસ સેન્ટર | 12 | 5616 |
| 20 | હોમિયોપેથિક સારવાર કેન્દ્ર | 12 | 3122 |
| 21 | કુપોષિત બાળકોને પોષક આહાર | 12 | 3268 |
| D | **મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ** | | |
| 22 | સીવણ તાલીમ | 12 | 429 |
| 23 | કન્યા કેળવણી | 02 | 237 |
| E | **સ્વરોજગાર** | | |
| 24 | શ્રમિક બહેનો દ્વારા કાપડની બનાવેલ થેલીની સંખ્યા | 12 | 12,847 |
| 25 | કમ્પ્યૂટર તાલીમ | 03 | 105 |

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૨૪માં લાભાન્વિત પ્રવૃત્તિ માસ | નાગરિકો |
|---|---|---|---|
| F | **સંસ્કાર સાહિત્ય પ્રકાશન** | | |
| 26 | જીવન ઉપયોગી પ્રકાશન-વેચાણ, ભેટ | 12 | 4756 |
| 27 | ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય | 12 | 1790 |
| 28 | બુધસભા | 12 | 1683 |
| 29 | મનોરંજન સાધન | 12 | 46 |
| 30 | સંગીત વર્ગ | 12 | 40 |
| 31 | દિવ્ય જીવન પ્રાર્થના | 12 | 250 |
| G | **સ્મૃતિ કાર્યક્રમો અને સન્માન** | | |
| 32 | શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાન | 01 | 500 |
| 33 | શ્રી અંજન સ્મૃતિ કાર્યશાળા | 01 | 250 |
| 34 | શ્રી હીરાબહેન ભટ્ટ કાર્યશાળા | 01 | 250 |
| 35 | સ્વસ્થ વૃધ્ધત્વ સન્માન | 01 | 250 |
| 36 | શ્રી માતૃભાષા સંવર્ધન એવોર્ડ | 01 | 250 |
| 37 | જાહ્નવી સ્મૃતિ સન્મા | 01 | 250 |
| 38 | ગઝલ એવોર્ડ | 01 | 250 |
| H | **પ્રચાર-પ્રસાર** | | |
| 39 | સંસ્થા સામયિક પ્રકાશન | 12 | 54,000 |
| 40 | અખબારોમાં પ્રેસનોટ | 12 | 1925 |
| 41 | ઈલેક્ટ્રોનિક મીડિયામાં નોંધ પ્રકાશન | 12 | 41 |
| 42 | ફેઈસબુક ફોલોઅર્સ | 12 | 5,000 |
| 43 | ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ | 12 | 652 |
| 44 | સંસ્થાગત વિકાસના કાર્યો | 12 | 430 |

## વર્ષ ૨૦૨૪માં શિશુવિહારની સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને લાભાન્વિત નાગરિકોની સંકલિત વિગત

- **સંસ્થાની નિયમિત પ્રવૃત્તિઓ : ૪૪**
- **સંસ્થાગત કાર્યક્રમો : ૧૪૫**
- **સંસ્થા પરિસરમાં યોજાએલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ : ૧૧૦**
- **સંસ્થાગત સંયોજનથી લાભાન્વિત નાગરિકો : ૫,૮૦,૯૦૬**



REGN.NO.L2/36/RNP/BVHO-46/2025-2027 RENEWED UPTO Dt. 31/12/2027
RNI REGISTRATION No. GUJGUJ / 2009 / 30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar (Facebook) — Shishuvihar Bhavnagar (YouTube)
Shishuvihar (Instagram) — Shishuvihar (Play Store)

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199